**અમદાવાદ મજુર અદાલતનં–૩ ના પ્રિસાઈડીંગ ઓફિસર**
**શ્રી આર.જે.મીરાણી સમક્ષ.**

**રેફરન્સ (ટી) કેસ નં.૧૪૩૨/૨૦૦૯**

**પ્રથમ પક્ષકારો : ગેમન ઈન્ડીયા લીમીટેડ,**
૧ લો માળ મ્યુ. મહાલક્ષ્મી શોપીંગ સેન્ટર,
એસ. બી. આઈ. પ્રભાત સોસાયટી બ્રાંન્ચ પાસે,
પાલડી, અમદાવાદ
હેડ ઓફીસ : ગેમન હાઉસ સાવરકર માર્ગ પ્રભાદેવી,
મુંબઈ.

**: વિરુધ્ધ :**

**બીજા પક્ષકાર : કીરીટકુમાર સોમાભાઈ પરમાર,**
બ્લોક નં.૫૯/૨, સેકટર–૪/એ, ગાંધીનગર.

**પ્રથમપક્ષકાર નં–૧ તરફે** :– વિ.વ.શ્રી એમ. કે. પટેલ

**બીજાપક્ષકાર તરફે** :– વિ.વ.શ્રી કિરણ એ. અગ્રવાલ.

બાબત:– ઔધોગિક વિવાદ ધારાની કલમ–૧૦ (૧) (સી) અન્વયે ન્યાય નિર્ણય અર્થે:–

**–: એવોર્ડ :–**

**૧.** ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી.એકટની કલમ ૧૦ (૧) (સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદનાંએ તેમનાં હુકમ ક્રમાંક : કેએચ/એસએચએમસી/આર/૧૫૫/૨૦૦૯ એજે/આઈડીઆર. તા.૧૨/૧૧/૨૦૦૯ થી મજુર અદાલત, અમદાવાદને ન્યાય–નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

**૨.** સદરહુ કામ પ્રથમ પક્ષકારનાં પુરાવા ઉપર હતુ દરમ્યાન પક્ષકારો વચ્ચે

સમાધાનની વાતચીત ચાલતી હોય આજરોજ પક્ષકારો તેમના વિ.વકિલશ્રીઓ મારફતે જાતે હાજર થઈ આંક–૨૦ થી સદરહુ કામ તા.૨૬/૦૨/૨૦૧૯ માંથી આજરોજ બોર્ડ ઉપર લેવાની અરજી સાથે આંક–૨૧ થી સમાધાન પુરસીસ રજુ કરેલ જે સમાધાન પુરસીસ પક્ષકારોને વાંચી સંભળાવતા તેઓ સમાધાન શરતો રાજીખુશીથી કરેલ હોવાનું જણાવી સમાધાનમાં તેઓની સહીઓ ઓળખી બતાવી કબૂલ રાખે છે. સબબ, સમાધાન શરતો ન્યાયિક જણાતા સમાધાન રેકર્ડ કરવાનો હુકમ કરેલ છે. સબબ, પક્ષકારો તરફે આંક–૨૧ થી રજુ સમાધાન શરતો મુજબ હાલનો રેફરન્સ સમાધાનથી ફેસલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. જે સમાધાન શરતો હુકમનો ભાગ ગણાશે.

**૩.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**અમદાવાદ.**
**તા.૫/૨/૨૦૧૯**

**(રામેશ્વર જીતેન્દ્રભાઈ મીરાણી)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૩, અમદાવાદ**
**(જી.જે.૦૦૭૪૯)**

**એચ.એન.પટેલ. પી.એ.**